# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 21-04-2024 Midday : 1.20 to 1.30

Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ભગવાન મહાવીરના બે હજાર, પાચસોમાં નિર્વાણ ઉત્સવનું ઉદ્ઘાટન કર્યું...રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિએ જૈન સમુદાયને પાઠવી શુભેચ્છા...
- લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે જોરશોરથી પ્રચાર...પ્રધાનમંત્રી મોદી રાજસ્થાનમાં તો રાહુલ ગાંધી મધ્યપ્રદેશમાં કરી રહ્યા છે ચૂંટણી પ્રચાર....
- લોકસભાના ત્રીજા તબક્કાની 7 મેના રોજ યોજનારી ચૂંટણી માટે ઉમેદવારીપત્ર પરત ખેંચવાનો આવતીકાલે છેલ્લો દિવસ...
- પડોશી દેશ માલદીવમાં આજે 20મી સંસદીય ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે.... 22 એપ્રિલની મધ્ય રાત્રીએ જાહેર થઈ શકે છે પરિણામ...
- UGC નેટની પરીક્ષા માટે આજથી રજીસ્ટ્રેશનની શરૂઆત.... 10 મે સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકાશે..
- હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી દેશના કેટલાંક રાજ્યોમાં ભીષણ લૂની સંભાવના વ્યક્ત કરી.

*******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM JAIN MAHOTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે વિશ્વ વૈશ્વિક શાંતિ સુનિશ્ચિત કરવા માટે ભારત તરફ મીટ માંડી રહ્યુ છે. પ્રધાનમંત્રી આજે નવી દિલ્હીમાં મહાવીર જયંતિના અવસર પર બે હજાર પાંચસો પચાસમાં ભગવાન મહાવીર નિર્વાણ મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે બોલી રહ્યા હતા.

શ્રી મોદીએ કહ્યું હતું કે, ન્યૂ ઈન્ડિયાની આ નવી ભૂમિકાનો શ્રેય આપણી વધતી ક્ષમતાઓ અને વિદેશ નીતિને આપવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે વૈશ્વિક સંઘર્ષો વચ્ચે, યુદ્ધમાં રહેલા દેશો સંદર્ભે, ભારતના તીર્થંકરોના ઉપદેશો વધુ મહત્વપૂર્ણ બન્યા છે. શ્રી મોદીએ આ પ્રસંગે એક સ્મારક ટિકિટ અને સિક્કો પણ જાહેર કર્યો હતો.

આ પ્રસંગે બોલતા કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલે કહ્યું કે ભગવાન મહાવીરના સિદ્ધાંતો આજે પણ પ્રાસંગિક છે. તેમણે કહ્યું કે, જીવો અને જીવવા દોનો ભગવાન મહાવીરના સિદ્ધાંત ખૂબ જ મહત્વપૂર્ણ અને સુસંગત હોવાનું જણાવ્યું હતું.

# Mahavir Jayanthi

મહાવીર જયંતિની આજે ઉત્સાહ સાથે પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસરે વિવિધ સ્થળે ભગવાન મહાવીરની શોભાયાત્રા યોજાઇ રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાવીર જયંતિ નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી છે. આજના શુભ દિવસે રાષ્ટ્રપતિએ પોતાના સંદેશમાં નાગરિકોને ભગવાન મહાવીરના ઉપદેશોને અપનાવવા અને તમામ જીવોનાં કલ્યાણ માટે પ્રતિજ્ઞા લેવા વિનંતી કરી છે. શ્રીમુર્મુએ જણાવ્યું હતું કે સંયમ, નૈતિકતા, અહિંસા અને અપ્રાપ્યના ભગવાન મહાવીરના ઉપદેશો આજે પણ પ્રાસંગિક છે.

ઉપરાષ્ટ્રપતિનાં જણાવ્યા અનુસાર ભગવાન મહાવીરે આપણને શાંતિપૂર્ણ, સંવાદી અને સમૃદ્ધ સમાજનું નિર્માણ કરવાનો માર્ગ ચીંધ્યો છે. શ્રી ધનખડે નાગરિકોને ભગવાન મહાવીરના આદર્શો પ્રત્યે પ્રતિબદ્ધ થવા વિનંતી કરી છે.

# CAMPAIGN _OVER ALL

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે તમામ પક્ષો જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. શ્રી મોદીએ આજે સવારે 11 વાગે ભીનમાલમાં ઝાલોર બેઠક માટે ચૂંટણી પ્રચાર કર્યો. બપોરે તેઓ બાંસવાડાનાં ભાજપના ઉમેદવાર મહેન્દ્રજીત સિંહ માલવિયાના સમર્થનમાં ચૂંટણી સભાને સંબોધવા જઈ રહ્યાં છે.

તો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પશ્ચિમ બંગાળ, બિહાર અને અસમના ચુંટણી પ્રવાસે છે. તેઓ પ્રચાર પ્રવાસની શરૂઆત પશ્ચિમ બંગાળની દાર્જીલીંગ બેઠકના ઉમેદવાર રાજુ બીસ્ટ માટે જનસભાના સંબોધીત કરશે. ત્યારબાદ બિહારના કટીહારમાં જનસભા અને સાંજે અસમના સિલચરમાં રોડ શૉ દ્વારા પ્રચાર કરશે.

કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ પશ્ચિમ બંગાળના મુર્શીદાબાદ, માલદા ઉત્તર અને દાર્જીલીંગમાં ચૂંટણી સભાને સંબોધન કરવા જઈ રહ્યા છે. ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા આજે મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં પ્રચારની જવાબદારી સંભાળશે. મહારાષ્ટ્રના બુલઢાના જિલ્લામાં ચૂંટણી સભાને સંબોધન કરશે...ત્યાર બાદ કર્ણાટકના હુગલી ખાતે બેઠક કરી જનસભાને સંબોધન કરશે.

વિપક્ષી ગઠબંધ I.N.D.I.Aના સાથી પક્ષોની આજે રાચીના ઉલગુલાન ખાતે મહારેલી કરશે. જેમાં કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી, તેજસ્વી યાદવ, અખિલેશ યાદવ, દિપાંકર ભટ્ટાચાર્ય, સંજયસિંહ અને અરવિંદ કેજરીવાલનાં પત્ની સુનિતા કેજરીવાલ હાજર રહેશે. આ સિવાય I.N.D.I.A ગઠબંધના સાથી પક્ષોના નેતાઓ પણ હાજરી આપશે. સાથે જ બસપા પ્રમુખ અમરોહામાં ચૂંટણી સભાને સંબોધન કરશે. કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી છત્તીસગઢ અને સીતારામ યેચુરી કેરળમાં પ્રચાર કરી રહ્યા છે.

# ELECTION 3RD PHASE

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા શુક્રવારે સમાપ્ત થઈ હતી. ગઈકાલે ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ત્રીજા તબક્કામાં 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની 94 લોકસભાની બેઠકો માટે આગામી મહિનાની 7મી તારીખે મતદાન યોજાશે. આવતીકાલે ઉમેદવારી પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે.

ગુજરાતમાં પાંચ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે પણ ઉમેદવારી ફોર્મની ચકાસણી ગઇકાલે હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન, લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ તબક્કામાં જમ્મુ અને કાશ્મીર સહિતના નવ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આવેલી 96 લોકસભા બેઠકો માટે આગામી 13મી મેના રોજ મતદાન થશે. આ તબક્કા માટે આ મહિનાની 25મી તારીખ સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે.

# KERALA POLL

કેરળમાં તમામ 20 લોકસભાની બેઠકો માટેની ચૂંટણીને આડે હવે માત્ર ચાર દિવસ બાકી છે. મતદારોને રિઝવવા વિવિધ રાજકીય પાર્ટીઓના રાષ્ટ્રીય નેતાઓ જોરશોરથી ચૂંટણી પ્રચાર માટે કેરળમાં છે.

કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા વીકે સિંહ આજે મલપ્પુરમમાં NDA માટે પ્રચાર કરશે. સીપીઆઈ એમના રાષ્ટ્રીય મહાસચિવ સીતારામ યેચુરી તિરુવનંતપુરમમાં એલડીએફ માટે પ્રચાર કરશે, જ્યારે મુખ્યમંત્રી પિનરાઈ વિજયન આજે કાસરગોડમાં ચુંટણી સભા સંબોધશે.

કોંગ્રેસના  મહાસચિવ પ્રિયંકા ગાંધીએ ગઈકાલે રાજ્યમાં UDF માટે પ્રચાર કર્યો હતો. કેરળમાં શુક્રવારે મતદાન યોજાવાનું છે ત્યારે બુધવારે કેરળમાં પ્રચારના પડઘમ શાંત થશે.

# CONGRESS- CEC

નવી દિલ્હી સ્થિત પાર્ટી મુખ્યાલયમાં લોકસભા ચૂંટણીને લઈને કોંગ્રેસ કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી સહિત અન્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યાં હતા. બેઠકમાં પંજાબના વરિષ્ઠ નેતાઓએ પણ ભાગ લીધો હતો.

# People's Majalis –Maldives

પડોશી દેશ માલદીવમાં આજે 20મી સંસદીય ચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. અહેવાલ અનુસાર 22 એપ્રિલની મધ્ય રાત્રીએ ચૂંટણીના પ્રાથમિક પરિણામો જાહેર થઈ શકે છે. વર્તમાન રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુની સરકાર હાલ 92 બેઠકો સાથે માલદીવની સંસદમાં બહુમત ધરાવે છે.

રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુની નીતિઓને લઈને માલદિવના લોકોમાં નારાજગી અને વિરોધ છે. ભારત અને ભ્રષ્ટાચાર પ્રત્યેના તેમના વલણને લઈને તેઓ નારાજગીનો સામનો કરી રહ્યા છે. ત્યારે ભારતને આશા છે કે મુખ્ય વિપક્ષ અને ભારત તરફી પક્ષ માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટી (MDP) આ ચૂંટણીમાં બહુમત મેળવશે.

સપ્ટેમ્બર 2023માં ઈબ્રાહિમ સોલિહને હરાવીને મોહમ્મદ મુઈઝ્ઝુ રાષ્ટ્રપતિ બન્યા હતા. સત્તા સંભાળ્યા પછી મુઈઝ્ઝુએ વર્ષો જૂની પરંપરા તોડીને તેમની પ્રથમ મુલાકાત માટે ભારતને બદલે ચીનને પસંદ કર્યું. એટલું જ નહીં, છેલ્લી ચૂંટણીમાં તેમણે ઈન્ડિયા આઉટના નામે પ્રચાર અભિયાન ચલાવ્યું. રાષ્ટ્રપતિ બન્યા બાદ તેમણે માલદીવમાંથી ભારતીય સૈનિકોને હાંકી કાઢવાનો નિર્ણય લીધો હતો અને ચીન સાથેની નિકટતા પણ વધારી. એ રીતે જોતા માલદીવની આ સંસદીય ચૂંટણી ભારત માટે મહત્વપૂર્ણ છે.

# UGC _NET

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન નેશનલ એલિજીબ્લિટી ટેસ્ટ એટલે કે UGC NET જૂન, 2024 માટે રજીસ્ટ્રેશન આજથી શરૂ કરી દીધું છે. પરીક્ષા આપવા ઇચ્છતા વિદ્યાર્થીઓ નેટની પરીક્ષા માટે સત્તાવાર વેબસાઇટ પર જઈને ઉમેદવારી નોંધાવી શકે છે. આગામી 10 મે સુધી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા ચાલશે.

# US _ AID

અમેરિકાની પ્રતિનિધિ સભામાં યુક્રેન, ઇઝરાયેલ અને તાઇવાનને સુરક્ષા સહાય આપનારા 95 બિલિયન ડોલરના વિધયક રજૂ કરાયું છે. સંભવત: સેનેટ આગામી સપ્તાહે આ ખરડાને મંજૂરી આપી દેશે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડને પેકેજને મંજૂરી મળતા જ તેની ઉપર હસ્તાક્ષર કરવાનું વચન આપ્યું છે.

આ વિધેયકમાં યુક્રેન સંઘર્ષ માટે 60.84 બિલિયન ડૉલરની મદદની જોગવાઈ છે, જેમાં અમેરિકી હથિયારોનો પુરવઠો તેમજ અન્ય સુવિધાઓ પુન: પૂરી પાડવા માટેના 23 બિલિયન ડૉલરની રકમ પણ સામેલ છે. તો ઇઝરાયેલ માટે 26 બિલિયનની સહાય, જેમાં ગાઝામાં માનવીય સહાય માટેના 9.1 બિલિયન ડૉલર રકમ સમાવિષ્ટ છે. ઉપરાંત તાઇવાન સહિત ઇન્ડો-પેસેફિક વિસ્તાર માટે 8.12 બિલિયન ડૉલરની મદદ સામેલ છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સ્કીએ આ સહાય બદલ આભાર માનતા કહ્યું છે કે લોકતંત્ર અને સ્વતંત્રાનું વૈશ્વિક મહત્વ હંમેશા જળવાઈ રહેશે, જ્યાં સુધી અમેરિકા તેમને રક્ષા સહાય ચાલુ રાખશે. જોકે રશિયાના પ્રવક્તા દિમિત્રી પેસકોવે કહ્યું છે કે આ સહાય અમેરિકાને વધુ અમિર બનાવશે, જ્યારે કે યુક્રેનને તબાહ કરી દેશે, જેના પરિણામ સ્વરૂપ યુક્રેનમાં અનેક નાગરિકો માર્યા જશે.

# IMD _WEATHER

હવામાન વિભાગે આગામી ચાર દિવસો દરમિયાન દેશના અનેક ભાગોમાં ભયંકર ગરમીની સંભાવના વ્યક્ત કરી છે. આજથી શરૂ કરીને 24મી એપ્રિલ દરમિયાન તટિય પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહારના કેટલાંક ભાગોમાં ભીષણ ગરમી પડી શકે છે.

આ ઉપરાંત તટિય આંધ્ર પ્રદેશ, યાનમ, રાયલસીમા, તમિલનાડુ, પૂડ્ડુચેરી, કરાઈકેનાલ, કેરળ અને માહેમાં બુધવાર સુધીમાં લૂની સ્થિતિ રહેશે. આ તરફ પૂર્વીય ઉત્તર પ્રદેશ, તેમજ ઉત્તરી મધ્યપ્રદેશના કેટલાંક ભાગોમાં સાજ અને રાતના સમયે વાતાવરણ હૂંફાળું રહેશે, જોકે દિવસે ગરમીઅને લૂની સ્થિતિ રહેશે. તો દિલ્હીમાં આજે અને આવતીકાલે વરસાદની સંભાવના છે, જેને કારણે તાપમાન 2થી 3 ડિગ્રી સુધી નીચું રહેશે. જોકે આવતીકાલથી શરૂ કરીને 26 એપ્રિલ સુધીમાં દેશનાં પૂર્વીય ભાગો જેવા કે આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણીપુર, ઝારખંડ, ઓડિશાના અંતરિયાળ ભાગોમાં ગાજવીજસાથે છૂટો છવાયો વરસાદ પડવાની સંભાવના છે, જ્યારે કે 22 એપ્રિલ સુધી કોંકણ અનેગોવામાં પણ મધ્યમથી હળવો વરસાદ પડી શકે છે.

આ ઉપરાંત જમ્મૂ કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, પંજાબ, હરિયાણા અને ચંદીગઢમાં ક્યાંક ક્યાંક વીજળી સાથે હળવો વરસાદ તેમજ કરાં પડી શકે છે.